રાજયમાં ટ્રાફિક અમલીકરણ અંગે માર્ગ સુરક્ષા નીધિ (ભંડોળ)નો ઉપયોગ કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:ટફક/૧૦૨૦૧૬/૭૬૩/ટ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૫/૧૦/૨૦૨૦

વંચાણે લીધા :

(૧) ગૃહ વિભાગનો તા.૧૫/૬/૨૦૦૧નો ઠરાવ ક્રમાંક: ટફક/૧૦૯૮/૭૭૭/વ.

(૨) ગૃહ વિભાગનો તા.૨૦/૦૬/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: ટફક-૧૦૨૦૦૫-૨૭૯૩-વ

(3) ગૃહ વિભાગનો તા.૨૩/૦૫/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: ટફક/૧૦૨૦૦૭/૧૪૪૦/વ

(૪) ગૃહ વિભાગનો તા.૨૦/૬/૨૦૧૯નો સમાનાંકી ઠરાવ

આમુખ:

રાજ્યમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા "માર્ગ સુરક્ષા નીધિ" (ભંડોળ) ઉભુ કરવામાં આવેલ છે. આ નીધિ(ભંડોળ)નો ઉપયોગ કરવા સબબ રાજ્ય સરકાર દ્વારા વખતો વખત સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. પરંતુ વર્તમાન સમયમાં રાજ્યની મહાનગરપાલિકા / નગરપાલિકા તેમજ સ્થાનિક સત્તા મંડળો જેવા શહેરી વિસ્તારો તેમજ અન્ય વિસ્તારોની ટ્રાફિક ફંડની વધતી જરૂરિયાતોને ધ્યાને લેતાં આ વિસ્તારોમાંથી વસૂલ કરવામાં આવેલ દંડની રકમ મુજબ ગ્રાન્ટ ફાળવવાના ઉક્ત વંચાણે લીધેલ ઠરાવ -૪ ના ઠરાવથી નક્કી થયેલ ધોરણોમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ :

આમુખમાં જણાવેલ સંજોગોમાં પુખ્ત વિચારણાને અંતે ગુજરાત રાજય માર્ગ સુરક્ષા નીધિના યોગ્ય અમલીકરણ માટે આ વિભાગના તા.૨૦/૦૬/૨૦૧૯ના સમાનાંકી ઠરાવના ફકરા નં. ૨(૧) નીચે (ક), (ખ) અને (ગ) તરીકે થયેલ જોગવાઈને સ્થાને નીચે મુજબની જોગવાઈ દાખલ કરવા આથી સુધારો કરવામાં આવે છે.

PTO

(ક) માર્ગ સુરક્ષા નીધિમાં જમા થયેલ કુલ રકમના ૫૦ % રકમ ટ્રાફિક બ્રિગેડ, હોમગાર્ડઝ/સિવિલ ડીફેન્સના જવાનો તથા જી.આર.ડી.ના જવાનોની સેવા બદલ ખર્ચ કરવાની રહેશે.

(ખ) કુલ રકમના ૨૫% રકમ સંબંધિત મહાનગરપાલિકા/ નગરપાલિકા/ સ્થાનિક સત્તા મંડળોને, ટ્રાફિક નિયમન માટે રસ્તાકીય સુધારા માટે વસુલ કરેલ દંડના પ્રમાણમાં ફાળવવાની રહેશે.

(ગ) કુલ રકમના ૧૦% રકમ ડીજીપી હસ્તક રાજ્ય સ્તરે ટ્રાફિક નિયમન અર્થે

(ઘ) કુલ રકમના ૧૫% રકમ શહેર / જિલ્લાઓ આધુનિક ઉપકરણો ખરીદવા અને ટ્રાફિક જાગૃતિ અર્થે ખર્ચ કરવાની રહેશે.

૩. મૂળ ઠરાવના પારા-૨(૨)માં જ્યાં પારા-૨(૧)(ખ) દર્શાવેલ છે, તેને બદલે પારા-૨(૧)(ગ) તથા પારા-૨(૩)માં જ્યાં પારા-૨(૧)(ગ) દર્શાવેલ છે, તેને બદલે પારા-૨(૧)(ઘ) વાંચવાનું રહેશે.

૪. આ વિભાગના તા. ૨૦/૦૬/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક: ટફક /૧૦૨૦૦૫/૨૭૯૩/વ ના ફકરા(૩)ની જોગવાઈ સિવાયની અન્ય જોગવાઈ તથા તા.૨૦/૦૬/૨૦૧૯ના સમાનાંકી ઠરાવની ફકરા ૨(૧) ની જોગવાઈ સિવાયની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે તેમજ આ સુધારા ઠરાવ અન્વયે માર્ગ સુરક્ષા નીધિ(ભંડોળ)ના ઉપયોગ સારૂ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ તા.૨૩/૦૫/૨૦૧૬ના ઠરાવ મુજબ ટ્રાફિક મેનેજમેન્ટ કમિટીની મંજૂરી મેળવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિકુંજ જાની)
નાયબ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,

૧. *માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
૨. માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૩. માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૪. અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

PTO

૫. અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. અધિક મુખ્ય સચિવશ્રી /સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૧. પોલીસ મહાનિરીક્ષકશ્રી, સ્ટેટ ટ્રાફીક બ્રાન્ચ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૨. સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી(ટ્રાફીક), અમદાવાદ અને સુરત શહેર.
૧૩. નાયબ પોલીસ કમિશ્નરશ્રી(ટ્રાફીક), વડોદરા અને રાજકોટ શહેર
૧૪. કમિશ્નરશ્રી, વાહન વ્યવહાર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૫. પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
૧૬. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, જુનાગઢ, જામનગર, ભાવનગર.
૧૭. સર્વે કલેકટરશ્રી
૧૮ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
૧૯. સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી.
૨૦. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ, રાજકોટ.
૨૧. સર્વે જિલ્લા તિજોરી અધિકારીઓ
૨૨. વિભાગના તમામ અધિક સચિવશ્રી/નાયબ સચિવશ્રી.
૨૩. સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
૨૪. સે.અ.શ્રી, "આર" શાખા તથા "વ" શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(જિલ્લાના સર્વે ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકાઓ તથા તમામ શહેરી વિકાસ સત્તા મંડળોને આ ઠરાવની નકલ મોકલી આપવાની વિનંતી સહ)
૨૫. વિભાગની આઇ.ટી.શાખા આ ઠરાવની નકલ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
૨૬. સીલેકટ ફાઇલ.